# મે. સોનગઢના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, સોનગઢ

સી.આર.એમ.એ.જે. (જામીન અરજી) નં. ૧૭૧/ ૨૦૨૬

આંકઃ ૪

**અરજદારઃ નિતીનકુમાર મહેન્દ્રભાઈ મકવાણા**

વિરુધ્ધ

**સામાવાળાઃ** સરકારશ્રી

**અરજઃ બી. એન. એસ. એસ. - ૪૮૦ મુજબની અરજી.**

**–હુકમઃ–**

(૧).. અરજી વંચાણે લીધી, રેકર્ડ વંચાણે લીધુ. આરોપીના વિ.વ.શ્રી **એન.એસ.મહાજન** તથા **વિ.એ.પી.પી.શ્રી** નાઓને સાંભળ્યા.

(૨).. **વિ.એ.પી.પી.શ્રી** નાઓએ પોતાની રજુઆત દરમીયાન જણાવેલ છે કે, હાલનો ગુનો ગંભીર પ્રકારનો છે. જેથી હાલના કામે એફ.આઇ.આર. વંચાણે લેતા કલમ જોવામા આવે તો ગુનાની મહત્તમ સજા ૭ વર્ષ સુધી વધારી શકાય તેવી હોય તથા ગુનાહીત ઈરાદા તથા છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ હોવાનુ તથા આરોપીએ સાયબર ફ્રોડ કરેલ હોવાનુ ધ્યાને લેતા આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆતો કરેલ છે.

(૩).. આરોપી તરફે વિ.વ.શ્રી **એન.એસ.મહાજન** નાઓની રજુઆતોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, હાલના આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. પોલીસે માત્ર શંકાના આધારે હાલના આરોપીની અટક કરેલ છે. હાલના કામે એફ.આઇ.આર. વંચાણે લેવામા આવે તો સદર ગુનામા ઈ.પી.કો. કલમ–૪૨૦ લગાવેલી છે જે કલમમાં વધુમાં વધુ ૭ વર્ષ સુધીની સજાની જોગવાઇ રહેલી છે. જેથી હાલના ગુનાના કામે નામ. કોર્ટને જામીન આપવાની સત્તા રહેલી છે. વધુમાં હાલના કામે અમો આરોપીએ ફરીયાદી પાસે કોઇ પૈસાની માંગણી કરેલ નથી. એફ.આઇ.આર.માં જણાવેલ આરોપી નં. ૧ પાસે અમોના લેણીના નીકળતા રુપિયા ટ્રાન્સફર કરેલા છે. જેથી અમો આરોપીનો સદર ગુનામાં કોઇ રોલ નથી. વધુમાં હાલના આરોપી કુંટુબ કબીલાવાળા માણસ છે અને કમાનાર એક ઇસમ છે અને આરોપી કયાંય નાસીભાગી જાય તેવા નથી અને નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તથા નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા ખુશી છે. જેથી આરોપીને યોગ્ય તેટલી રકમના જામીન ઉપર મુકત કરવા જણાવેલ છે.

(૩).. ઉપરોકત કેસનુ રેકર્ડ વંચાણે લેતા હાલના કામે આરોપીએ ફરીયાદીને લોન આપવાની

લાલચ આપી અલગ અલગ ચાર્જ પેટે ઓનલાઇન અલગ અલગ સ્કેનર મોકલી ફરીયાદી પાસેથી ૩૨,૩૦૦/– પડાવી લઇ ફરીયાદી સાથે છેતરપીંડી કરી સાયબર ફ્રોડ કરી ઇ.પી.કો. ની કલમ – ૪૨૦, ૧૨૦ (બી) તથા આઇ.ટી.એક્ટ– ૬૬ (ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે. વધુમાં હાલના કામે આક્ષેપીત ગુનાનો પ્રકાર, સજાનું પ્રમાણ તથા જામીન અરજીના તબક્કે ધ્યાને લેવાના નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતોના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા કોઈપણ આરોપીઓની જામીન અરજી નિર્ણિત કરતી કોર્ટએ હકીકત ધ્યાને લેવાની હોય છે કે,

(૧) આરોપીઓને જામીન મુકત કરવાથી નાશી ભાગી જાય તેમ છે કે કેમ ?(૨) આરોપીઓને જામીન મુકત કરવાથી તપાસ દરમ્યાન પુરાવા સાથે ચેડા કરશે કે કેમ? (૩) આરોપીઓને જામીન મુકત કરવાથી ફરીયાદ પક્ષના સાક્ષીઓને ટેમ્પરવીથ કરશે કે કેમ? (૪) આરોપીઓને છોડવામાં આવશે તો પોતાની સ્વતંત્રતાનો દુરઉપયોગ કરશે કે કેમ? (૫) આરોપીઓ સામેનાં ગુનાની ગંભીરતા અને આરોપી સમાન પ્રકારના ગુનામાં અગાઉ સંડોવાયેલ છે કે કેમ? (૬) આરોપીઓનો પુર્વ ગુનાહિત ઈતિહાસ.

ઉપરોકત તમામ હકિકતોને નજર સમક્ષ રાખી જામીન અરજી નિર્ણીત કરવાની હોય છે. સદર કામનું રેકર્ડ જોતાં હાલના કામે આરોપીએ ફરીયાદીને લોન આપવાની લાલચ આપી અલગ અલગ ચાર્જ પેટે ઓનલાઇન અલગ અલગ સ્કેનર મોકલી ફરીયાદી પાસેથી ૩૨,૩૦૦/– પડાવી લઇ ફરીયાદી સાથે છેતરપીંડી કરી સાયબર ફ્રોડ કરી ઇ.પી.કો. ની કલમ – ૪૨૦, ૧૨૦ (બી) તથા આઇ.ટી.એક્ટ– ૬૬ (ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે. ઉપરાંત વધુમાં હાલના ગુનાના કામના આરોપી કુંટુબ કબીલાવાળા હોવાની જણાય છે. વધુમાં આરોપી સામેનો ગુનો પણ ગંભીર પ્રકારનો હોય, પરંતુ હાલના ગુનાના કામે એફ.આઇ.આર. વંચાણે લેતા સજાની જોગવાઇ જોવામા આવે તો ઇ.પી.કો. કલમ – ૪૨૦ માં વધુમાં વધુ ૭ વર્ષ સુધીની છે. જેથી હાલના ગુનાના કામે આરોપીના જામીન આપવાની સત્તા અત્રેની કોર્ટને રહેલી છે. વધુમાં હાલના કામે ટ્રાયલ ચાલતા લાંબો સમય થાય તેમ છે અને જો હાલના આરોપીને જામીન આપવામાં ન આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ કહેવાય. ઉપરાંત ટ્રાયલ દરમ્યાન હાલના આરોપીની હાજરી બાબતે શંકા જણાતી ના હોય તેમજ આરોપી અત્રેની અદાલત ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી હોય હાલના આરોપીને જામીન મુકત ના કરવાનું કોઈ યોગ્ય અને વાજબી કારણ જણાતુ નથી, પરંતુ સાથે આરોપીની હાજરી સીક્યોર કરવા તેમજ આરોપી ક્યાંય નાશી ભાગી ન જાય તેમજ તપાસના કામે અને પુરાવા સાથે ચેડા ન કરે તે માટે તથા સાહેદોને ધાક ધમકી આપે નહી તે માટે આરોપી ઉપર યોગ્ય શરતો પણ મુકવી જરૂરી જણાય છે. તેવા સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય અને ન્યાયી માનુ છું.

**હુકમ**

આરોપીની હાલની જામીન અરજી આથી **મંજુર** કરવામાં આવે છે. આરોપીએ **રૂા. ૨૦,૦૦૦/– (અંકે રૂપીયા વીસ હજાર પુરા)** ના જામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે છે.

<u>**શરતો**</u> **:–**

(૧). આરોપીએ ત.ક.અમલદારને તપાસના કામે સંપુર્ણ સાથ–સહકાર આપવો.

(૨). આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને ધાક–ધમકી, લાલચ–પ્રલોભન કે ફોડવાનો પ્રયત્ન કરવો નહી.

(૩). આરોપીએ ટ્રાયલ દરમીયાન નિયમીત હાજર રહેવું.

(૪). આરોપીએ પોતાનું હાલનું તથા કાયમી સરનામું તથા મોબાઇલ નંબર પુરસીસથી જાહેર કરવું.

હુકમ આજરોજ તા. ૨૧ મી માહે જુન સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૨૧/૦૬/૨૦૨૬**
**સ્થળ– સોનગઢ**

**( એમ ડી પરમાર )**
**જ્યુડી.મેજી.ફ.ક., સોનગઢ**
**(કોડ નં.જી.જે. ૦૧૩૦૪)**